Annexure -4

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સહાય મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી તથા વાલીએ આપવાનું સેલ્ફ ડીકલેરેશન-વર્ષ ૨૦૨૫-૨૬

હું_____ ઉંમર વર્ષ: _____

રહેવાસી_____

મારા ધર્મના સોગંદ લઇ પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે મારા પુત્ર/ પુત્રી શ્રી /કુ._____ _____કે જેને_____ (સંસ્થાનુ નામ) ખાતે _____ સ્નાતક/ડીપ્લોમા અભ્યાસક્રમમાં ___સેમેસ્ટરમાં વર્ષ _____માં પ્રવેશ મળેલ છે અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત શિષ્યવૃતિનો લાભ મેળવવા નીચે જણાવેલ વિગતોની માહિતી જાહેર કરું છું. આ તમામ વિગતો/માહિતી સાચી છે અને મને તથા મારા પુત્ર/પુત્રીની જાણમાં છે.

(૧)	મારી વાર્ષિક આવક રૂ._____અને મારા પતિ/પત્નીની વાર્ષિક આવક રૂ._____છે. મારા કુટુંબની નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ (આકારણી વર્ષ ૨૦૨૫-૨૬)ની કુલ વાર્ષિક આવક રૂપિયા ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પૂરા) થી વધુ થતી નથી.
(૨)	મારા પુત્ર/પુત્રીએ એન.આર.આઈ. બેઠક પર પ્રવેશ મેળવેલ નથી.
(૩)	મને અને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે આ સહાયનો લાભ આગળના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે વર્ષનીં પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ મેળવી ઉત્તીર્ણ થવાનું રહેશે.
(૪)	મને અને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે સંબધિત શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.
(૫)	મને જાણ છે કે જો મારા પુત્ર/પુત્રી સામે સંબંધિત શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે તો મારા પુત્ર/પુત્રી સહાય મેળવવા માટે અથવા શિષ્યવૃત્તિ ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે.
(૬)	મને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે જો ખોટી વિગતો,ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે કોઈ વિગતો છુપાવીને કે છેતરપીંડીથી સહાય મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થશે તો મેળવેલ સહાયની તમામ રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવાની રહેશે તથા ગુજરાત સરકારની **કોઈ પણ** યોજનાનો લાભ લઈ શકાશે નહી અને અમો પર અન્ય સહાય મેળવવા પ્રતિબંધ મૂકવામાં આવશે. ઉપરાંત, આ બાબતે અમારી સામે કાયદેસરની કાર્યવાહી માટેના પગલાં લેવામાં આવશે
(૭)	જો અમારા ખાતામાં કેસીજી કચેરી દ્વારા શરતચૂકથી અન્ય વિદ્યાર્થીના કે અમોએ અરજીમાં દર્શાવેલ રકમ કરતા અને/અથવા અમોને મળવાપાત્ર રકમ કરતા વધુ રકમ અમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે તો વધારાની રકમ અમો કેસીજી કચેરી દ્વારા જાણ કર્યાના દિન-૧૫માં પરત કરીશું. જો ઉક્ત સમયમર્યાદામાં અમો રકમ પરત ન કરીએ તો મેળવેલ વધારાની રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવાની રહેશે. જો અમો આ રકમ જમા નહિ કરાવીએ તો પછીના વર્ષની અમોને મળવાપાત્ર સહાયમાંથી આ રકમ અને દંડનીય વ્યાજ વસૂલ કરવામાં આવશે તેમજ પછીના વર્ષોમાં આ સહાય અને સરકારશ્રીની અન્ય સહાય માટે પ્રતિબંધ મૂકવામાં આવશે તેની અમોને જાણ છે.
(૮)	મને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે આ યોજના અંતર્ગત સહાયનો લાભ મળતા અન્ય કોઈ યોજના હેઠળ સહાય કે ફી-રીઈમબર્સ્મેન્ટનો લાભ મળવાપાત્ર નથી. આથી આવી અન્ય કોઈ યોજના હેઠળ સહાય કે શિષ્યવૃતિ કે ફી -રીઈમબર્સ્મેન્ટનો લાભ મેળવીશ નહિ.
(૯)	મારા પુત્ર/પુત્રીને અમારા હાલના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહારની સંસ્થામાં પ્રવેશ મેળવેલ છે અને તેને સરકારી/અનુદાનિત હોસ્ટેલમાં પ્રવેશ મળેલ નથી. આથી મારો પુત્ર/પુત્રી જીલ્લો_____ તાલુકો_____ ખાતે આવેલી_____ (હોસ્ટેલનું નામ સરનામું આપવું)_____ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે.

સ્થળ:_____ તારીખ:_____

લાભાર્થી વિદ્યાર્થીની સહી: _____ વાલીની સહી: _____

લાભાર્થી વિદ્યાર્થીનું નામ: _____ વાલીનું નામ: _____